અપીલ અરજી નં.૩૦૧ તા .૨૯–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી બિપીનચંદ્ર ઠાકોરભાઈ દેસાઈ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી બિપીનચંદ્ર ઠાકોરભાઈ દેસાઈની તા. ૩–૯–૧૧ની અરજીથી ડિસ્ટ્રીકટઃ સુરત, તાલુકો : ચોર્યાસી, ગામ : મોજે મજુરા, બ્લોક નં. ૭૧ પૈકી ૧/૨/૩/૪ વાળી જમીનનું ક્ષેત્રફળ ૮ હેકટર એમ ૩૮ ગુંઠા જેમાં જય જલારામ સોસાયટી અને રાધા–કૃષ્ણ સોસાયટી પાડવામાં આવેલી છે જેની માગ્યા મુજબની માહિતી આપવા બાબતે ઉપરોકત જણાવેલ વિગત મુજબ સદરહુ જમીન રીઝર્વેશનમાં એકવાયર કરેલ હોય તો અને તે કોના કબજામાં છે તે વિગત દરેક માહિતી તથા અન્ય માહિતીની સહી–સિકકાવાળી નકલ આપવા વિનંતી વિ.મુદ્દા નં. (૧) થી (૨) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૯–૧૧ ની **SMC/FAP/** નં.૩૦૧/૨૦૧૧–૧૨

શ્રી બિપીનચંદ્ર ઠાકોરભાઈ દેસાઈની તા. ૩–૯–૧૧ની અરજીથી ડિસ્ટ્રીકટઃ સુરત, તાલુકો : ચોર્યાસી, ગામ : મોજે મજુરા, બ્લોક નં. ૭૧ પૈકી ૧/૨/૩/૪ વાળી જમીનનું ક્ષેત્રફળ ૮ હેકટર અને ૩૮ ગુંઠા જેમાં જય જલારામ સોસાયટી અને રાધા–કૃષ્ણ સોસાયટી પાડવામાં આવેલી છે જેની માગ્યા મુજબની માહિતી આપવા બાબતે ઉપરોકત જણાવેલ વિગત મુજબ સદરહુ જમીન રીઝર્વેશનમાં એકવાયર કરેલ હોય તો અને તે કોના કબજામાં છે તે વિગત દરેક માહિતી તથા અન્ય માહિતીની સહી–સિકકાવાળી નકલ આપવા વિનંતી વિ.મુદ્દા નં. (૧) થી (૨)ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)ના પત્ર નં. સા.વે.ઝોન(અઠવા) / આરટીઆઈ/ આ.નં./૬૯૪ તા. ૧૭–૯–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તેમજ માહિતી ઉપલબ્ધ નહીં હોવા અંગે દફતરી નાશ–નિકાલ વિગતો તથા પ્લાન મંજુરી રજીસ્ટરે કે આકારણી દફતરે બન્ને મુદ્દા અંગે દફતરી હકીકત સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ / ૮૯૯ તા.૧૦–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને મુળ અરજીથી ગામનો ટી.પી. નકશો માંગેલ કે કેમ ? તે આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/ આ.નં.૮૮૫ તા.૨૫–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૬૯૪ તા.૧૭–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૭–૧૦–૧૧ નો પત્ર, મુળ અરજીની નકલ, ૭/૧૨ ની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી અંગેના પત્રની નકલ, કાર્યપાલક ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી નહેર વિભાગના પત્ર નં.જાવક નં.સુનવિ/ પીબી–૨/ મા.અ./રજીસ્ટર નં.૪૫/વશી/૫૦૬૧ તા.૭–૦૯–૧૧ થી નાયબ કાર્યપાલક ઈજનેર સુરત નહેર પેટા વિભાગ નં.૧ તથા મામલતદાર શ્રી સિંચાઈ દર વસુલાત યુનીટ નં.૧, બહુમાળી બિલ્ડીંગ, નાનપુરાને તબદીલ કરેલ પત્રની નકલ,અધિક્ષક ઈજનેર સુરત સિંચાઈ વર્તુળના પત્ર નં.સુસિંવ/ પીબી –૪ / જા.મા.અ./૦૫/૬૪૩ /૫૫૩૪ તા.૬–૯–૧૧ થી અરજદારને તા.૩–૧૦–૧૧ ના રોજ ૧૫.૦૦ કલાકે ઉપસ્થિત રહેવા માટે પાઠવેલ પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર નહેર વિભાગ તરફથી પત્ર નં.સુનવિ./પીબી –૨/ મા.અ. / વશી/ રજીસ્ટર નં./૪૬૬૬ તા.૧૮–૮–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૩–૯–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે જાહેર માહિતી અધિકારીના મળેલ પ્રતયુત્તરથી નારાજ થઈ તા.૨૯–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.નં.૬૯૪ તા.૧૭–૯–૧૧ થી સમય મર્યાદામાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) ડિસ્ટ્રીકટઃ સુરત, તાલુકો : ચોર્યાસી, ગામ : મોજે મજુરા, બ્લોક નં. ૭૧ પૈકી ૧/૨/૩/૪ વાળી જમીનનું ક્ષેત્રફળ ૮ હેકટર અને ૩૮

ગૂંઠા જેમાં જય જલારામ સોસાયટી અને રાધા–કૃષ્ણ સોસાયટીનો લેઆઉટ નકશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજીમાં માંગ્યા મુજબની માહિતી અઠવાઝોનના રેકર્ડ તપાસતાં ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં. (૨) જય જલારામ સોસા. અને રાધા કૃષ્ણ સોસા.ના પ્લોટ નં.૧ થી ૫ અને ૫૧ થી ૫૫ અને છેલ્લા પાંચ લે આઉટ મુજબના નકશામાં દર્શાવેલ પ્લોટ હોલ્ડરોના કબ્જારસીદ/દસ્તાવેજની નકલ. સદર જમીનનો પાવર હોય કે જમીનનો સંપૂર્ણ દસ્તાવેજ હોય તો તેની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજીમાં માંગ્યા મુજબની માહિતી અઠવાઝોનના રેકર્ડ તપાસતાં ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૮૮૫ તા.૨૫–૧૦–૧૧ થી " સદરહુ મોજે મજુરા રે.સ. નં.૭૧ પૈકી ૧ થી ૪ વાળી જમીનમાં થયેલ જય જલારામ સોસા. અને રાધા કૃષ્ણ સોસા. સુમપામાં સદરહુ વિસ્તારનો સમાવેશ થયો તે પહેલાની હોય સોસા.ના લે આઉટ પ્લાન અઠવાઝોન ના રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય જે બાબતનો જવાબ પાઠવેલ તેવું જણાવેલ. વધુમાં અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૮૯૯ તા.૧૦–૧૦–૧૧ થી મુળ અરજીથી ગામનો ટી.પી. નકશો માંગેલ કે કેમ ? તે આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૧૭–૧૦–૧૧ ના પત્રથી સદર બ્લોક નંબર અને ગામનો ટીપીનો નકશો જોઈએ છે તથા મુળ અરજીને ધ્યાનમાં લઈ આકારણી તેમજ નામ દાખલ થવાની તેમજ દસ્તાવેજોની કે કબ્જા રસીદની વિગતો, માહિતીઓની માંગણી કરેલ છે. તથા સદર સોસા.ના લે આઉટના સહી સિકકાવાળી નકલ તેમજ અન્ય વિગતો પણ માંગેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૯–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અનુસંધાનેસદરહુ મોજે મજુરા રે.સ. નં.૭૧ પૈકી ૧ થી ૪ વાળી જમીનમાં થયેલ જય જલારામ સોસા. અને રાધા કૃષ્ણ સોસા. સુમપામાં સદરહુ વિસ્તારનો સમાવેશ થયો તે પહેલાની હોય સોસા.ના લે આઉટ પ્લાન અઠવાઝોન ના રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેથી આપી શકાય એમ નથી. પરંતુ અરજદાર ઈચ્છુક હોય તો સદર વિસ્તાર મનપામાં સમાવિષ્ટ થયાના ચાર્જ રજીસ્ટરની તથા સંબધિત રજીસ્ટર–આકારણી દફતરની તપાસણી અંગે જાહેર માહિતી અધિકારીનો કચેરીના કામકાજના સમય દરમ્યાન આગોતરો સમય મેળવી તપાસ ણી કરવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયેથી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ દિન–૭ માં લાગુ કિસ્સામાં નિયત દસ્તાવેજ ફી ભરપાઈ કરાવી અરજદારને તપાસણી પૂરી પાડવા તથા તે અંગેની થયેલી કાર્યવાહી જાણ અત્રે કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)........જાણ તથા અમલ માટે
(૨) શ્રી બિપીનચંદ્ર ઠાકોરભાઈ દેસાઈ